ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# કુડાસણ-સરગાસણ અને રાયસણમાં ગટરલાઈનના પ્રોજેકટનું કામ પૂર્ણ

## ખાળકૂવા ઉતરાવવાની સમસ્યાનો અંત આવશે : ગટરલાઈનની કામગીરી માટે ૨૦ કરોડનો ખર્ચ થયો

ગાંધીનગર, તા.૨

ગુડા વિસ્તારમાં હવે ખાળકૂવા ઉતરાવવાની જટીલ સમસ્યાનો ધીમે ધીમે અંત આવશે. ગુડાના કુડાસણ, સરગાસણ અને રાંદેસણ વિસ્તારમાં ગટરલાઈનના પ્રોજેકટનું કામ પૂર્ણ થતા રહીશોને હવે નિરાંત થશે. ટૂંકમાં જ આ મામલે લોકાર્પણ સમારોહ પણ યોજાશે.

શહેરી વિકાસ સત્તા મંડળ અસ્તિત્વમાં આવ્યા બાદ દોઢ દાયકાથી વધુ સમયના અંતે ગુડા વિસ્તારમાં પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરવાના કામોને અગ્રતા અપાતા આમ નાગરિકોની પરેશાનીનો અંત આવશે. ગુડા વિસ્તારમાં વિકાસના નવતર અભિગમ વચ્ચે માળખાગત સુવિધાના કામો પૂર્ણ કરવા પાણી, ગટર અને રસ્તાના પ્રોજેકટનું કામ હાથ ધરાયું છે. ગુડા વિસ્તારમાં વિકાસ અને વસતીના આગામી બે દાયકાથી વધુ સમયને ધ્યાને લઈ માળખાગત સુવિધાના કામોનું આયોજન કરવામાં આવ્યું છે. ગુડાના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી મુજબ ટીપી-૬, ટીપી-૯ અને ૪માં ગટરલાઈનના પ્રોજેકટનું કામ પૂર્ણ કરી દેવાયું છે. છેલ્લા દોઢ વર્ષથી હાથ ધરાયેલી ગટરલાઈનના પ્રોજેકટની કામગીરી અન્વયે અંદાજિત રૂ. ૨૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. જેના અંતે શહેરી વિકાસ સત્તા મંડળમાં સમાવિષ્ટ કુડાસણ, સરગાસણ તેમજ રાંદેસણમાં ગટરલાઈનની કામગીરી પૂર્ણ કરી દેવાઈ છે. ગટરપાઈપના અભાવે આ વિસ્તારમાં ખાળકૂવા ઉભરાતા છાશવારે ગંદકી ખદબદતી હતી જયારે હવે આ સુવિધાના લીધે સ્થાનિક રહીશોની હાલાકીનો પણ અંત આવશે. ગુડા કક્ષાએથી ગટરલાઈનના જોડાણ આપવા પણ પ્રક્રીયા હાથ ધરવામાં આવશે.

# માર્ગ અકસ્માતમાં ઈજા કે મૃત્યુ પામતા મૂંગા પશુઓ તરફ તંત્ર બેધ્યાન

## વાહનની ટક્કરથી ઘવાતા પશુઓની સારવાર માટે કોઈ વ્યવસ્થા નથી : જો પશુ માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામે તો કોઈ જીવદયા પણ દાખવતુ નથી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરના ખુલ્લા અને પહોળા માર્ગો પર બેફામ દોડતા વાહનોની ટક્કરે દરરોજ ઘણા


(તસવીર : દિપક જાની)

મૂંગા પશુઓ આવે છે. તેઓને ગંભીર ઈજાઓ થાય તો તેમની સારવાર માટે શહેરમાં કોઈ વ્યવસ્થા નથી. મૃત પશુઓનો નિકાલ ન થતા માર્ગ પર દુર્ગંધ અને ગંદકી ફેલાય છે.

ખુલ્લા માર્ગો પરથી પસાર થતા ગાય, ભેંસ, બકરા, કુતરા કે ક્યારેક રોઝ-હરણ જેવા પશુઓ પુરપાટ ઝડપે દોડતા વાહનોની અડફેટે અવારનવાર આવી જાય છે. નગરના માર્ગો ખુબ પહોળા અને સારા હોવાથી અહીંથી પુરપાટ ઝડપે દોડતા વાહનોની નજરે આવા પશુઓ ચઢતા નથી અને તેઓ વાહનની ટક્કરથી ખુબ ગંભીર રીતે ઘવાઈ જાય છે. તાજેતરમાં જ એપોલો હોસ્પિટલ નજીક એક ગર્ભવતી ગાયને કોઈ અજાણ્યા વાહને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલી ગાયની પ્રસુતિ સ્થળ પર જ થતા તેની આસપાસ લોકોનું મોટુ ટોળુ જમા થઈ ગયું હતું. થોડીકવાર પછી ઘવાયેલી ગાય મૃત્યુ પામી હતી. તેના બચ્ચાને યોગ્ય અને સુરક્ષિત સ્થળે પહોંચાડી શકાય તે પહેલા તો ગાયનું નવજાત વાછરડું પણ મૃત્યુ પામ્યું હતું. તેવી જ રીતે ઘ-૪ સર્કલ પાસે એક કુતરુ વાહનની અડફેટે આવી મૃત્યુ પામ્યું હતું. તેના મૃતદેહના નિકાલની વ્યવસ્થા ન ગોઠવાતા અસંખ્ય વાહનો તેના પરથી જ પસાર થતા રોડ પર દુર્ગંધ ફેલાઈ હતી. અને ગંદકી પણ ચોતરફ ફેલાઈ હતી. ગાંધીનગરમાં ઘણા વ્યવસ્થા તંત્ર કામે લાગેલા છે પરંતુ આવા ઘવાયેલા પશુપંખીની સારવાર શક્ય નથી. મહા નગરપાલિકાથી લઈને પાટનગર યોજના વિભાગ એકબીજા પર જવાબદારી ઢોળી દે છે. આપણે સૌ જીવદયામાં માનીએ છીએ પરંતુ આવા ઘવાયેલા પશુઓની સારવાર શક્ય બને તે માટે કોઈ સંસ્થા કે વ્યક્તિ કાર્યરત નથી. મૃત પશુઓના નિકાલ માટેની જે વ્યવસ્થા કરવી જોઈએ તે ઉપલબ્ધ બનતી નથી. પશુપંખીઓની સેવા માત્ર ઉત્તરાયણ પર જ થાય છે. વર્ષભર આવી વ્યવસ્થા ચાલુ રહે તે જરૂરી છે.

# જીલ્લામાં ધો-૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૨ હજારથી વધુ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપશે

## ૧૫૩ શાળાઓમાંથી ૧૨૬૯૨ જેટલા વિદ્યાર્થીઓની નોંધણી થઈ

ગાંધીનગર, તા.૨

ધો-૧૦ અને ૧૨ની પરીક્ષાને હજુ ત્રણ મહિના બાકી છે. આગામી માર્ચ મહીનામાં યોજાનારી બોર્ડ પરીક્ષા પૂર્વે વિદ્યાર્થીઓના ફોર્મની નોંધણીની કાર્યવાહી પૂર્ણ કરી દેવાઈ છે. ધો-૧૨ સામાન્ય પ્રવાહ માટે વર્ષ ૨૦૧૪ની પરીક્ષાને અનુલક્ષી જિલ્લાની ૧૫૩ શાળામાંથી ૧૨૬૯૨ જેટલા વિદ્યાર્થીઓની નોંધણી થઈ છે.

દિવાળી બાદ શરૂ થયેલા શૈક્ષણિક સત્રના અંતે વિદ્યાર્થીઓ પ્રિલીમરી એકઝામની તૈયારીમાં લાગી ગયા છે. બીજી તરફ આગામી માર્ચ મહીનામાં લેવાનારી ધો-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાને લઈ ફોર્મ ભરવાની કાર્યવાહી પણ મોટે ભાગે પૂર્ણ કરી દેવાઈ છે. ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહી સંદર્ભે અગાઉ શિક્ષણ બોર્ડ કક્ષાએથી સમયની મુદત વધારી દેવાઈ હતી. જેના અંતે હવે બોર્ડની પરીક્ષાને લઈ જિલ્લામાંથી વિદ્યાર્થીઓના ફોર્મ ભરવાની કાર્યવાહી પૂર્ણ કરી દેવાઈ છે. ગાંધીનગર જિલ્લામાંથી પણ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપવાના છે. જયારે ધો-૧૨ સામાન્ય પ્રવાહમાં ગાંધીનગર જિલ્લામાંથી ૧૨૬૯૨ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જિલ્લાની ૧૫૩ શાળાઓમાંથી આ વિદ્યાર્થીઓના વિધિવત ફોર્મ સુપ્રત કરવાની કાર્યવાહી પુર્ણ થઈ ચુકી છે. શિક્ષણ બોર્ડના સુત્રોમાંથી જણાવ્યા મુજબ બોર્ડની પરીક્ષામાં ફોર્મ ભરવાની કાર્યવાહી પૂર્ણ થયા બાદ હજુ જિલ્લા મુજબ આંકડાનો ડેટા તૈયાર થયો નથી. જયારે ઉપલબ્ધ માહિતી મુજબ ધો-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ૧૨ હજારથી વધુ વિદ્યાર્થીઓ હાજરી આપશે.

# ગાંધીનગરની મુદ્રા શર્માને બેસ્ટ વૉલિયન્ટરનો નેશનલ એવૉર્ડ

## અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજની મુદ્રા શર્માને ઈન્દીરા ગાંધી નેશનલ એન.એસ.એસ. એવોર્ડ રાષ્ટ્રપતિના હસ્તે એનાયત કરાયો



ગાંધીનગર, તા. ૨

શહેરના સે. ૨૩ ખાતે ચાલતી અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજની સ્વયંસેવક મુદ્રા શર્માએ ઈન્દીરા ગાંધી નેશનલ એન.એન.એસ. એવોર્ડ એનાયત કરવામાં આવ્યો.

અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજની સ્વયંસેવક મુદ્રા જીતેન્દ્રકુમાર શર્માએ વર્ષ-૨૦૧૨-૧૩ની ઈન્દીરા ગાંધી નેશનલ એન.એસ.એસ. બેસ્ટ વોલેન્ટીયર એવોર્ડ મહામહિમ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો. આ સિદ્ધિ બદલ મુદ્રા શર્માને કડી સર્વ વિશ્વ વિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ પટેલે પાંચ હજારનો પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## ખૂણે... ...ખાંચરેથી

- રવિવારની રજાના દિવસે કલ્ચરલ ફોરમના આગેવાનો મીની પાવાગઢના દર્શને ગયા હતા તો લાયન્સ કલબના આગેવાનો અંબાજી ગયા હતા.
- વિપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલાની પૌત્રી દિપલબાના લગ્નના આયોજનને લઈ આજે આગેવાનોની બેઠક મળી હતી.
- ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા અને તેમના બે સાથીઓએ કરેલા પક્ષાંતરના કેસની મુદત ૧૩મી ડિસેમ્બરની પડી છે.
- આજે કોંગ્રેસના આગેવાનોની એક બેઠક ગાંધીનગર સરકીટ હાઉસ ખાતે રાજયપાલને આવેદન પત્ર આપવા જતાં પૂર્વે મળી હતી.
- સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણ સંદર્ભે યોજાનાર રન ફોર યુનિટીના કાર્યક્રમને લઈ આજે નગરમાં બે અલગ અલગ સ્થળોએ બેઠકો યોજાઈ હતી. એક બેઠક કોર્પોરેશન સત્તાવાળાઓએ યોજી હતી તો બીજી બેઠક ગાંધીનગર પ્રાંત અધિકારીઓએ યોજી હતી.
- રન ફોર યુનિટી માટે કલેકટર કચેરી ખાતે એક ખાસ સેલ શરૂ કરવામાં આવ્યો છે.
- આગામી છઠ્ઠીથી ત્રણ દિવસ માટે આર્ટલવર્સ દ્વારા ફિરોજ ભગત અને અપરા મહેતા અભિનિત નાટક 'આવ તારું કરી નાખું' યોજાશે.
- ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા ૨૧મી ડિસેમ્બરે ગુજરાતી ભાષાના યુવા કવિઓનું કવિ સંમેલન યોજાશે.
- આવતીકાલે વિશિષ્ટ વિદ્યાર્થીઓની ખેલ મહાકુંભ અન્વયે વિવિધ સ્પર્ધા યોજાશે

# મોદી-અમિત શાહ સામે ગુનો નોંધી કાર્યવાહી કરવા માંગણી

## સુજ્ઞાબેન ભટ્ટ પંચને વિખેરી નાંખવા રજુઆત : કોંગ્રેસ પ્રતિનિધિમંડળે રાજ્યપાલને આવેદન પત્ર સોંપીને જોરદાર માંગ કરી : મોદી પર દબાણ વધારવા મુખ્ય હેતુ


(તસવીર : દિપક જાની)

અમદાવાદ, તા.૦૨

ગુજરાતમાં એક મહિલાના કથિત જાસુસી પ્રકરણમાં કાયદાનો ભંગ કરનાર મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી તથા ભૂતપૂર્વ ગૃહમંત્રી અમીત શાહ સામે ભારતીય દંડ સંહિતા મુજબ ગુનો નોંધવા તેમજ રાજ્ય સરકાર દ્વારા નીમાયેલા જસ્ટીસ સુજ્ઞાબેન ભટ્ટ પંચને વિખેરી નાંખી અલાયદુ તપાસ પંચ નીમવા કોંગ્રેસ પક્ષ ચાર્જ રાજ્યપાલને વિનંતી કરી છે.

ગુજરાત વિધાનસભા વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડીયા સહિત કોંગ્રેસના સાંસદો, ધારાસભ્યો તથા અગ્રણીઓના એક પ્રતિનિધિ મંડળે રાજ્યપાલ ડો. કમલાને રૂબરૂ મળી આ સંદર્ભમાં એક વિસ્તૃત આવેદનપત્ર સુપ્રત કર્યું હતું. કોંગ્રેસના આ પ્રતિનિધિ મંડળે તેમની રજુઆતમાં જણાવ્યું હતું કે ગુલેલ.કોમ તથા કોબ્રાપોસ્ટ.કોમ નામના વેબ પોર્ટલ દ્વારા જે તે વખતના રાજ્યકક્ષાના ગૃહમંત્રી અમીત શાહ તથા ત્રાસવાદી વિરોધીદળના ડીએસપી ગીરીશ સિંઘલ વચ્ચે મોબાઈલ ફોન ઉપર થયેલી વાતચીતની સીડી બહાર પાડી છે. આ સીડીમાં ગૃહમંત્રી અમીત શાહ સાહેબની સુચના મુજબ સિંઘલને માધુ (નામ બદલ્યુંછે) નામની આર્કિટેક યુવતી જે મુળ ગુજરાતી ચે અને બેંગ્લોરમાં રહેતી હોય છે તેના ટેલીફોન ટેપ કરવાની તથા તેમની વાતચીત ગુપ્તચર વિભાગ સહિતના પોલીસદળની એજન્સીઓને રેકર્ડ કરાની સુચનાઓ આપેલ છે. આ ઉપરાંત ત્રાસવાદી વિરોધીદળ, સીઆઈડી, ક્રાઈમ અધિકારીઓને કામે લગાડીને આ મહિલા જયા પણ જાય ત્યાં, રેસ્ટોરેન્ટ, હોટેલ, શોપિંગ મોલ, જીમ, હોસ્પિટલ તથા સગા-સંબંધીઓના ઘર સુધી નજર રાખવાની અની મીનીટે મીનીટની અમીત શાહને આપવાની સુચના આપે છે. અમીત શાહ પોલીસદળના અધિકારીઓ તથા સાહેબની સુચનાઓની અને માહિતીની આપલે કરે છે.

● અનુસંધાન પાન-૭ પર

# ઠંડીમાં નજીવો વધારો પારો ૧૪ ડિગ્રી

ગાંધીનગર, તા. ૨

ગયા અઠવાડિયે ઠંડી સાવ ઘટી ગયા બાદ છેલ્લા બે દિવસથી વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. લઘુત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાતા ઠંડી વધી છે.

આંધ્રપ્રદેશ અને તેની આસપાસના વિસ્તારમાં તાજેતરમાં ફૂંકાયેલા વાવાઝોડાએ ઠંડીની આખી સીસ્ટમ ખોરવી નાંખી હતી. પવનની દિશા બદલાતા ઠંડી ખુબ ઘટી ગઈ હતી. સામાન્ય કરતા પારો ત્રણ થી ચાર ડિગ્રી જેટલો ઉંચો રહ્યો હતો. બે-ત્રણ દિવસથી કાશ્મીર અને લદાખ-લેહ વિસ્તારમાં ભારે બરફ વર્ષા થઈ છે અને લઘુત્તમ તાપમાન માઈનસમાં પહોંચ્યું છે હવે વાવાઝોડાની અસર ઓછી થતા પુનઃ લઘુત્તમ તાપમાન ઘટવા લાગ્યું છે. પારો ઝડપથી નીચો આવી રહ્યો છે. ગાયબ થઈ ગયેલી ઠંડી પુનઃ અનુભવાઈ રહી છે. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રી નોંધાયું હતું. જે આજે એક ડિગ્રી જેટલું ઘટીને ૧૪ ડિગ્રી પર પહોંચ્યું છે. આગામી દિવસોમાં જો ઉત્તર ભારત તરફથી ઠંડા પવનો ચાલુ રહેશે તો હજુ વધુ ઠંડી પડવાની સંભાવના અને આગાહી કરવામાં આવી છે. મહત્તમ તાપમાન ૩૨ ડિગ્રી નોંધાયું છે. જે હજુ થોડુક ઉંચુ રહેતા મીશ્ર વાતાવરણનો અનુભવ થાય છે. દિવસે ગરમી અને રાત્રે ઠંડકનો અનુભવ વસાહતીઓને થઈ રહ્યો છે.

લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

# ઓનલાઈન બુકીંગ કરવા મુસાફરો માટે હવે એસ.ટી.નો ટોલ ફ્રી નંબર

## કસ્ટમર કેર નંબર પરથી ૨૪ કલાક માહીતી મળશે ઓનલાઈન બુકીંગને લઈ મુસાફરોની મુંઝવણો દૂર થશે

ગાંધીનગર, તા.૨

ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા ઓનલાઈન બુકીંગ કરતા મુસાફરો માટે ૨૪ કલાક કસ્ટમર કેર ટોલ ફ્રી નંબરની સેવા શરુ કરવામાં આવી છે. એક મહીનાની ટ્રાયલ બાદ આ સુવિધા ઉપલબ્ધ થતા ઓનલાઈન ટીકીટ બુકીંગ કરાવતા મુસાફરોને નડતી મુંઝવણો હવે દૂર થશે. ટોલ ફ્રી નંબર પર વાત કરવાથી યોગ્ય માર્ગદર્શન મળી રહેશે.

ઓનલાઈન ટીકીટ બુકીંગ કરાવવા એસ.ટી.ના મુસાફરોને પ્રિન્ટ ન મળતી હોવાથી ઘણીવાર મુંઝવણમાં મુકાવવું પડે છે. આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ કોમ્પ્યુટર અગર મોબાઈલ નેટ મારફતે ટીકીટ બુક કરાવતા મુસાફરોની મુંઝવણોનો ઉકેલ લાવવા રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા કસ્ટમર કેર ટોલ ફ્રી નંબર શરુ કરી દેવાયો છે. નિગમના સચિવે આ અંગે જણાવ્યા અનુસાર આ ટોલ ફ્રી નંબરની સેવા ૨૪ કલાક માટે ઉપલબ્ધ રહેશે. ઓનલાઈન ટીકીટ બુકીંગ બાદ મુસાફરો ટોલ ફ્રી નંબર મારફતે વિના મુલ્યે વાત કરી યોગ્ય માર્ગદર્શન મેળવી શકશે. એડવાન્સ પૈસા ચુકવવાની સાથે એડવાન્સ માહિતી મેળવી શકશે. આ મામલે છેલ્લા એક મહીનાથી ટ્રાયલ બેઈઝ કામ ચાલતું હતું જયારે હવે નિયમિતરૂપે આ સેવા શરુ કરી દેવાઈ છે. આ સુવિધાના ઉપયોગ માટે કસ્ટમેર કેર નંબર ૧૮૦૦૨૩૩૬૬૬ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

# માણસા ટી.ડી.ઓ. ભગોરાની બદલી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના તાલુકા વિકાસ અધિકારી શ્રી આર.જી. ભગોરાની આજે બદલીના હુકમો થયા છે.

રાજ્યના પંચાયત વિભાગ દ્વારા ૧૪ જેટલા તાલુકા વિકાસ અધિકારીઓની બદલીના હુકમો જારી કરવામાં આવ્યા છે. જેમાં શ્રી ભગોરાની બદલીના હુકમોનો સમાવેશ થાય છે.

શ્રી ભગોરાને અમદાવાદ જિલ્લાના બાવળા ખાતે તાલુકા વિકાસ અધિકારી તરીકે નિમણુંક આપવામાં આવી છે. જ્યારે તેમના સ્થાને ખંભાતના તાલુકા વિકાસ અધિકારી તરીકે ફરજો બજાવતા ક્રિષ્ણાબેન વાઘેલાની નિમણુંક કરવામાં આવી છે.

શ્રી ભગોરા આગામી એકાદ-બે દિવસમાં તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળશે તેમ જાણવા મળેલ છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યુબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અહીં
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District
VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com